**<u>આંક–૧ નીચે હુકમ.</u>**

(૧) ફરીયાદીને સાંભળ્યા. ફરીયાદી તરફે રજુ સમાધાન પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું . આ કામે પક્ષકારોને નોટીસ કાઢતા ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, આરોપી જેલથી રજુ થયેલ નથી. ફરીયાદી/ભોગ બનનાર હાલની પુરસીસથી જાહેર કરે છે કે, તેઓ આરોપી વિરુધ્ધ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર ) કરવા માંગે છે અને તેઓ સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ તેઓને વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખે છે.

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય અથવા બજેલ હોય અને આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ આરોપી વિરુધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે છે કે કેમ ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧. વાય બી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮ ક્રિ.લો.જ.૯૨૮

૨. યેસુદાસ અને બીજા વિ. સબ ઈન્સપેકટર ઓફ પોલીસ, કલ્લાસમેસરી અને બીજા. ૨૦૦૮ ક્રિ.લો.જ. ૧૨૯૦

(૩) સદર ઓથોરીટીઓમાં નામદાર કેરાલા હાઇકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઇ એકપક્ષીય ક્રિયા છે અને તે દ્રીપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશન ના નામે અરજી સદર કલમના કોઠાના કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઇ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપી ની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

(ડી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઇ ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

(ઇ) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની

ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લેતા પહેલા ઇન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઇ શકે.

**(૪)** આમ, ઉપરોકત ઓથોરીટીઓમાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર/માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરીયાદની હકીકતને ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઇ વ્યકિતના કોઇ હીતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં, આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરીણામમાં કોઇ ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરીયાદી/ભોગ બનનારે સ્વૈચ્છીક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપીઓ હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને તેમાં ન્યાયનો હેતુ સરશે નહી જે સંજોગોમાં ઉપરોકત તમામ પાસા ધ્યાને લઇ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: **હુકમ** :-

(૧) આરોપીને બી.એન.એસ.એસ. કલમ-૩૫૯(૧) અન્વયે તેમની સામે નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨) મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ વાહનનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમ કરવાનો અન્યથા ફરીયાદીને માલીકીની ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

*આ હુકમ આજરોજ તા. ૨૯ માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.*

તા.૨૯/૦૬/૨૦૨૬ ( રઘુવીરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા )

અમદાવાદ. ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

(કોર્ટ નં.૧૫) અમદાવાદ શહેર.

*કોડ નં.જીજે૦૦૯૩૮*